# CIMS News
# Care & Cure


Volume-4 | Issue-43 | February 25, 2014

Price : ₹ 5/-

CIMS®
Care Institute of Medical Sciences

**અંદરના પાને...**

- હૃદયના વાલ્વની સમસ્યાઓ
- બ્રેઈન એટેક - સ્ટ્રોક
- સ્વાસ્થ્ય અને સ્વાદ
- કસરત કરવી અઘરી નથી




CIMS News
Care & Cure
Volume-4 | Issue-43 | February 25, 2014



# હૃદયના વાલ્વની સમસ્યાઓ

માનવ હૃદયને ચાર ખાનાં હોય છે અને એક ખાનામાંથી બીજા ખાનામાં લોહીને જવાની દિશા આપતા ચાર વાલ્વ હોય છે. લોહીના પરિભ્રમણમાં વાલ્વનો ખૂબ જ મહત્વનો ફાળો છે.




વાલ્વની મુખ્ય બિમારીમાં વાલ્વ સાંકડો થઈ જવો અથવા તો વાલ્વ લીક થવાની સમસ્યાનો સમાવેશ થાય છે. વાલ્વ સાંકડો થઈ ગયો હોય તો લોહી ધકેલવા માટે વધારે પમ્પીંગ કરવું પડે છે અને હૃદય પહોળું થતું જાય છે. સમયસર નિદાન ન કરાય તો હૃદય વધારે પહોળું થઈ જાય છે. અમુક તબક્કા સુધી પહોળા થયેલા હૃદયને મૂળ સ્થિતિમાં લાવી શકાય છે. વધારે પહોળા થયેલા હૃદયમાં ઓપરેશનનું જોખમ વધે છે અને જોઈએ તેવું પરિણામ મળતું નથી.





હૃદયના વાલ્વની સમસ્યાની શરૂઆતમાં ઘણીવાર લક્ષણો દેખાતાં નથી. શરીર તેને એડજેસ્ટ કરી લેતું હોય છે. ઘણીવાર સમસ્યા શરૂ થયા પછી ૫-૭ વર્ષ પછી લક્ષણો દેખાતાં હોય છે. આ લક્ષણોમાં શ્વાસ ચડવો, સોજા આવવા, પેટ ફૂલવું, લીવર ઉપર સોજો, કફ, રાત્રે શ્વાસ ચડે અને બેઠા થઈ જવું પડે, હૃદયના ધબકારા વધી જાય તથા લકવાની અસર પણ થતી હોય છે.

## વાલ્વની સમસ્યા કયા કારણે ઉદ્દભવે છે

જન્મજાત કારણોથી અથવા તો ફરતા વા ને કારણે તેમજ ઉંમરને કારણે વાલ્વને ઘસારો પહોંચવાથી વાલ્વની સમસ્યા ઉદ્દભવતી હોય છે. ફરતા વા ની અસરને કારણે થતી વાલ્વની સમસ્યા પશ્ચિમના દેશોમાં ઘટતી જાય છે. ભારતના શહેરોમાં પણ આ સમસ્યાનું પ્રમાણ ઘટ્યું છે.

## હૃદયના વાલ્વનો ઈલાજ કઈ રીતે થાય છે

સાંકડો વાલ્વ બલૂનથી ખોલી શકાય છે. બલૂનથી વાલ્વ પહોળો કરવામાં ૯૮ ટકા કિસ્સાઓમાં સફળતા મળે છે અને દર્દીને બેભાન કરવો પડતો નથી. અને એક દિવસમાં રજા આપવામાં આવે છે.વાલ્વની જન્મજાત સમસ્યા પણ બલૂન દ્વારા ઉકેલી શકાય છે. જો વાલ્વ લીકેજ કરતો હોય તો વાલ્વને રિપેર કરવામાં આવે છે અથવા નવો વાલ્વ નાખવો પડે છે.



ધાતુનો નવો વાલ્વ નાંખ્યો હોય તેવા કિસ્સામાં આખી જીંદગી લોહી પાતળું થવાની ગોળી લેવી પડે છે. હવે બાયો-ટીસ્યુના બનેલા વાલ્વ ઉપલબ્ધ થયા છે. આવો વાલ્વ નાંખવામાં આવે ત્યારે દર્દીએ લોહી પાતળું કરવાની ગોળી લેવી પડતી નથી.

હવે ડાબી બાજુના વાલ્વ- એઓરટીક(Aoetic)નું રિપ્લેસમેન્ટ ઓપરેશન વગર થઈ શકે છે. આ પ્રોસિજરમાં પગની નસમાંથી ઉતારી વાલ્વ બદલી શકાય છે. આવા ઓપરેશન પછી દર્દીને બે દિવસમાં રજા આપી દેવામાં આવે છે. પશ્ચિમી દેશોમાં આ પધ્ધતિ ઘણી સામાન્ય છે. ભારત દેશમાં આ પધ્ધતિ થોડા વખતમાં ચાલુ થઇ જશે. વાલ્વની સમસ્યાનું જેટલું વહેલું નિદાન થાય અને સમયસર ઇલાજ થાય તેટલું લાંબાગાળા માટે સારૂં પરિણામ પ્રાપ્ત થાય છે.

સૌજન્ય : ડૉ. ઉર્મિલ શાહ (MD, DM)
ઇન્ટરવેન્શલ કાર્ડિયોલોજીસ્ટ - સીમ્સ હોસ્પિટલ
મોબાઇલ +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯
ઇ-મેલ : urmil.shah@cims.me

CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-4 | Issue-43 | February 25, 2014

# બ્રેઈન એટેક - સ્ટ્રોક

૩૪ વર્ષના એક દર્દી કંપનીના સહકર્મચારીઓ જોડે રવિવારની એક મસ્ત સવારે ક્રીકેટ રમી રહ્યા હતા. ફિલ્ડીંગ ભરતાં ભરતાં તેમના હાથમાંથી બોલ બે વખત પડી ગયો. થોડી વાર પછી તેમનો પગ પણ ઢીલો પડવા લાગ્યો. તેમણે બીજા મિત્રને બોલાવી ને કહ્યું કે મને મારો જમણો હાથ અને પગ ના કામ કરતા હોય તેવું લાગે છે અને આમ બોલતાં બોલતાં તેમનો અવાજ પણ તોતડાવા લાગ્યો. તે ભયના માર્યા રોવા લાગ્યા. તેમના મિત્રો તેમને તાત્કાલીક ગાડીમાં બેસાડી સીમ્સમાં લઈ આવ્યા. સીમ્સ હોસ્પીટલમાં અમે તપાસ કરી તો માલૂમ પડ્યું કે તેમને બ્રેઈન એટેક એટલે કે લકવા કે સ્ટ્રોકનો હુમલો થયો છે. તેમનો મગજનો સી.ટી. સ્કેન કરાવતાં તેમાં હેમરેજ ન હોવાની ખાતરી કર્યા પછી તેમને tPA નામની દવાનું ઇંજેકશન આપવામાં આવ્યું અને તેમને ન્યુરોલોજીસ્ટ અને ઇન્ટેન્સીવીસ્ટની સારવાર હેઠળ આઈ.સી.યુ.માં રાખવામાં આવ્યા. મિ.નાયરની ઉપરોક્ત નબળાઈઓ ચાર જ દિવસમાં સંપૂર્ણ સારી થઈ જતાં તેમને હોસ્પીટલમાંથી ચાલતાં ચાલતાં રજા આપવામાં આવી. મિ. નાયરે તેમના મિત્રો અને ડૉક્ટરનો આભાર માન્યો. આ હતો એક સમયસર સારવાર પામેલ બ્રેઈન એટેકનો એક કેસ. ચાલો, હવે જાણીએ બ્રેઈન - એટેક/સ્ટ્રોક/લકવા વિશે.



### બ્રેઈન એટેક કેટલા પ્રકારના હોય છે અને એમાં શું થાય છે?

બ્રેઈન એટેકમાં ઘણા પ્રકાર છે પણ મુખ્ય બે પ્રકાર હોય છે. હેમરેજ (રક્તસ્રાવ) કે લોહીનો ગઠ્ઠો થવાથી થતો સ્ટ્રોક / પક્ષાઘાત. લગભગ ૯૦% પક્ષાઘાતના કેસ લોહીની નસમાં ગઠ્ઠો થઈ રક્ત પરિભ્રમણમાં અવરોધ ઉભો થવાથી થાય છે. જેને ઈસ્ચેમિક સ્ટ્રોક પણ કહે છે.

### લકવા / પક્ષઘાતના લક્ષણો શું હોય છે?

પક્ષાઘાતના લક્ષણો એ મગજના જે ભાગમાં નસ બંધ થવાથી થાય છે તે ભાગ પર આધાર રાખે છે. જો મગજના ડાબી બાજુમાં બ્લોક થાય તો શરીરનો જમણો ભાગ લકવાગ્રસ્ત થઈ જાય છે. જો મગજમાં દ્રષ્ટિ આપતા ભાગની નસ બ્લોક થાય તો વ્યક્તિને દેખવામાં પણ તકલીફ થઈ શકે છે. વધારે મોટી નસ બંધ થવાથી આવા ઘણાં બધા ભાગમાં લકવાની અસર થઈ શકે છે.

### લકવાનાં લક્ષણો :-

- હાથ-પગમાં નબળાઈ આવવી.
- અવાજ બદલાવો.
- સાંભળવામાં તકલીફ થવી.
- જોવામાં તકલીફ થવી.
- ખેંચ આવવી.
- બેભાન થવું , માથામાં દુ:ખાવો થવો.
- મોઢું વાંકુ થવું.
- ચાવવામાં, પાણી પીવામાં તકલીફ પડવી.



### લકવાની સારવાર શું છે?

જો આવી રીતે કોઈ વ્યક્તિને લકવાની અસર શરૂ થયાના સાડાચાર કલાકમાં તે વ્યક્તિને tPA નામની દવા આપવામાં આવે તો આ દવા લોહીનો ગઠ્ઠો ઓગાળીને લકવા સંપૂર્ણ પણે મટાડી શકે છે. જો આ તકલીફ થયા પછી સાડાચાર કલાકથી વધુનો સમય વેડફાઈ જોય તો આ tPA દવા આપી શકાતી નથી.

### જો સાડાચાર કલાકથી વધુ સમય જતો રહેતો શું કરવું?

આ પ્રકારના કેસમાં દર્દીને અન્ય લોહી પાતળું કરવાની કોલેસ્ટ્રોલ ઘટાડવાની દવાઓ આપવામાં આવે છે જેથી આવું ફરી ન થાય. તેમને કેટલાક મહીનાઓ અને વર્ષો સુધી કસરત કરાવવી પડે છે અને જરૂર પડે તો ઓપરેશન પણ કરાવવું પડે છે.

આ પ્રકારના કમનસીબ દર્દીઓ આપણા સમાજમાં પૈસે ટકે પણ ખુવાર થઈ જાય છે. સમાજમાં બ્રેઈન એટેક વિશે એટલી જાણકારી નથી હોતી જેટલી હાર્ટ એટેક વિશે હોય છે.

### tPA દવા કઈ રીતે કામ કરે છે?

tPA દવામાં રહેલા દ્રવ્યને લીધે તે લોહીના ગઠ્ઠાને તાત્કાલીક ઓગાળી દે છે. અને લોહીના અવરોધ દૂર થવાથી બંધ થયેલી નસ ફરીથી રક્ત પરિભ્રમણ ચાલુ કરી દે છે. અને તેના લીધે મગજના જે ભાગને નુકસાન થઈ શકે તેમ હોય તેને ફરીથી લોહી મળવા લાગતાં તે ભાગ ફરી પૂર્ણત: કાર્યક્ષમ થઈ જાય છે.

### tPA દવાથી કંઈ નુકશાન થાય?

tPA દવાથી દસ હજારે એક કેસમાં લોહી હળવું થવાથી રક્તસ્રાવ થવાનું જોખમ રહેલ છે. આ જોખમની સામે તેના ફાયદા ઘણા હોવાથી આ દવા વ્યાપક ઉપયોગમાં છેલ્લાં વીસ વર્ષથી લેવાઈ રહી છે. અને આના લેખકે અત્યાર સુધી છેલ્લાં પાંચ વર્ષમાં એક પણ આવા રક્તસ્રાવ જોયા નથી.

CIMS News
Care & Cure
Volume-4 | Issue-43 | February 25, 2014

CIMS®
Care Institute of Medical Sciences

### લકવાથી બચવા માટે શું કાળજી લેવી?

- સારો પોષક આહાર - ફળો, શાકભાજી વધું, શર્કરા અને ચરબીયુક્ત ઓછો આહાર.
- મીઠું ઓછું.
- નિયમિત કસરત, ચાલવું.
- ડાયાબીટીસ, બ્લડપ્રેશરનો કંટ્રોલ કરવો.

### વારંવાર લકવા ન થાય તે માટે કોઈ ઓપરેશન થઈ શકે?

હા, આ માટે બે પ્રકારની સારવાર ઉપલબ્ધ છે.

૧. કેરોટીડ એન્જીયોપ્લાસ્ટી : આમાં શરીરની મગજને લોહી પૂરી પાડતી ધમનીમાં ચરબી અને લોહીનો ગઠ્ઠો હોય તો સ્ટેન્ટ(ધાતુની જાળી) મૂકીને તેને સદાને માટે અવરોધ રહીત બનાવવામાં આવે છે.

૨. કેરોટીડ એન્ડઆર્ટેરેકટોમી : આ સારવારમાં મગજને લોહી પૂરી પાડતી ધમનીનો ચરબી અને ગઠ્ઠા વાળો ભાગ બદલી નાખવામાં આવે છે.

ઉપરોક્ત બંને સારવારના પરિણામ ખૂબ સારા હોય છે.

### શું tPA આપવા માટે સી.ટી.સ્કેન જરૂરી છે?

હા, tPA આપતાં પહેલાં સી.ટી.સ્કેન કરીને રક્તસ્રાવ નકારવો જરૂરી છે.

સીમ્સ હોસ્પીટલમાં ૨૪ કલાક ICU Consultant ની હાજરી હોવાથી તોત્કાલીક સારવાર ઉપલબ્ધ છે. સીટીસ્કેન અને tPA દવાનો પૂરતો સ્ટોક રાખવામાં આવે છે. હોસ્પીટલમાં વ્યવસ્થિત ટ્રેનિંગ પામેલો સ્ટાફ હોવાથી આવા પ્રકારના લકવા / પક્ષઘાતના દર્દીઓ માટે સંપૂર્ણ સારવાર ઉપલબ્ધ છે. જરૂર પડે એન્જીયોપ્લાસ્ટી કે સર્જરી માટે પણ પૂર્ણ સમયના નિષ્ણાત ડૉક્ટરો જેમકે ન્યુરોલોજીસ્ટ, ન્યુરોસર્જન અને કાર્ડિયોલોજીસ્ટની સુવીધા પણ સીમ્સમાં છે. Acute Stroke / બ્રેઈન એટેક માટે આ રીતે સીમ્સ એક સર્વશ્રેષ્ઠ સારવાર કેન્દ્ર બની રહેલ છે.




**સૌજન્ય**

**ડૉ. ભાગ્યેશ શાહ**

**કન્સલટન્ટ - ક્રિટીકલ કેર અને પલ્મોનરી મેડિસીન**

Travel Medicine Specialist, ACLS Instructor (AHA)

ID & HIV Medicine Certificate (USA), Infection Control Certificate (Canada)

(મો) +૯૧-૯૦૯૯૦ ૬૮૯૩૮


ઇ-મેલ : bhagyesh.shah@cims.me

## What Is a Stroke?

It occurs when a blood vessel in the brain bursts or, more commonly, when a blockage develops. Without treatment, cells in the brain quickly begin to die. The result can be serious disability or death. If a loved one is having stroke symptoms, seek emergency medical attention without delay.

## Stroke Symptoms

- Sudden numbness or weakness of the body, especially on one side
- Sudden vision changes in one or both eyes, or difficulty in swallowing
- Sudden, severe headache with unknown cause
- Sudden problems with dizziness, walking, or balance
- Sudden confusion, difficulty in speaking or understanding others or sudden unconsciousness



Before After

## Stroke Test: Talk, Wave, Smile

The F.A.S.T. test helps spot symptoms. It stands for:

- Face. Ask for a smile. Does one side droop?
- Arms.When raised, does one side drift down?
- Speech. Can the person repeat a simple sentence? Does he or she have trouble or slur words?
- Time. Time is critical.

In some cases immediate surgical intervention in form of evacuation of hematoma or decompression can save life of the patients.


CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-4 | Issue-43 | February 25, 2014

## WHAT CAUSES BACK PAIN ?

Any of the below :

- DISCS
- JOINTS
- MUSCLES
- NERVES
- SPINAL CORD
- VERTEBRAE



## ANXIETY & STRESS

- Has been shown to aggravate and prolong low back pain
- Attitudes of fear and worry over your back have been shown to delay recovery

## WHEN SHOULD I SEE MY DOCTOR?

- Severe pain that worsens over a period instead of getting better
- Pains and needles or severe weakness in BOTH legs
- Difficulty in walking
- Pain that does not get better when moving or changing positions
- Pain that wakes you up at night
- Night sweats
- Difficulty in passing or controlling urine


THE TRUTH IS THAT A SPECIFIC ANATOMICAL CAUSE CAN ONLY BE RELIABLY IDENTIFIED IN 10 – 15 % OF ALL CASES OF LOW BACK PAIN. IT COULD BE A COMBINATION OF FACTORS WILL LIKELY NOT CHANGE YOUR OUTCOME

## ULTIMATE GOAL
## " GET UP AND GET MOVING "


| HARM WITH RESTING | BENEFITS OF ACTIVITY |
|---|---|
| DECONDITIONING | NATURAL ENDORPHINS FOR PAIN RELIEF |
| WEAKENING OF BONES | STRENGTHEN MUSCLE & BONES |
| LOSS OF FLEXIBILITY | PREVENT BACK STIFFNESS |
| SOCIAL WITHDRAWAL | STIMULATE BODY'S OWN ABILITY TO HEAL |
| DEPRESSION | |


A very minor percentage of low back pain ends up being a serious condition that requires a surgery.

# કેન્સર સર્જરી
## સીમ્સ હોસ્પિટલમાં



## કેન્સરનું નિદાન અને સારવાર માટે પ્રતિબદ્ધ ટીમ







Breast • Colorectal • Gynaecology • Head & Neck • Melanoma • Lung
Lymphoma • Pancreatic and Hepatobiliary • Urology • Upper GI (Gastrointestinal)

**Cancer surgeries like Hemiglossectomy, Whipple's, MRND, MRM, CA Cervix, Commando, Radical Cholecystectomy, Radical Nephrectomy, CA Pancreatic, CA Prostate, Thyroidectomy and many others**

CIMS News
Care & Cure
Volume-4 | Issue-43 | February 25, 2014

CIMS®
Care Institute of Medical Sciences

## સ્વાસ્થ્ય અને સ્વાદ

**ટોમેટો અને મસૂરની દાળનો સૂપ**

**સામગ્રી :**

- ૧/૨ કપ મસૂરની દાળ / મગની દાળ
- ૫ કપ પાણી
- ૧ ૨/૨ કપ કાપેલા ડુંગળી (ઝીણા પાસામાં)
- ૧ ૧/૨ કપ કાપેલા ગાજર (ઝીણા પાસામાં)
- ૧ ટી સ્પૂન ઓરેગનો
- ૧ ૧/૨ કપ ટામેટાની પ્યૂરી
- ૨ કપ વેજીટેબલ સ્ટોક
- મીઠું
- મરી પાવડર, ૧ ટી સ્પૂન તેલ

**રીત :**

એક વાસણમાં ૩૫ થી ૪૦ મિનિટ સુધી મસૂરદાળને પાણીમાં ઉકાળવી કે જ્યાં સુધી તે પોચી ન થઈ જાય. પાણી ફેંકી દેવું અને તેમાંથી માત્ર ૩/૪ કપ જેટલું ઉકાળેલું પાણી સાઈડમાં મૂકી રાખવું. ૧ ટી સ્પૂન તેલમાં ડુંગળી-લસણ નાખી હલાવવું. ત્યારબાદ ગાજર, ઓરેગનો નાખી સારી રીતે ધીમી આંચે થવા દેવું કે જ્યાં સુધી ગાજર પોચા ન થાય. ત્યારબાદ તેમાં દાળ અને ટામેટાની પ્યૂરી નાખવી અને તેને પાતળા કરવા ૩/૪ કપ સાઈડમાં રાખેલું પાણી અને ૨ કપ વેજીટેબલ સ્ટોક નાખવું. ૧૫ મિનિટ સુધી ઉકળવા દેવું. ત્યારબાદ તેમાં મીઠું અને મરી પાવડર સ્વાદાનુસાર ઉમેરવા.



આ સૂપમાં દાળનો ઉપયોગ થયો હોવાથી તેમાંથી બીજા પોષક તત્ત્વો ઉપરાંત પ્રોટીન પણ સારા પ્રમાણમાં મળશે. તેથી વધારે મેદ ધરાવતા વ્યક્તિ માટે સંપૂર્ણ આહાર ગણાય. મેદસ્વી લોકો તેનો ઉપયોગ બપોરના જમણની જગ્યાએ કરી શકે.

## કસરત કરવી અઘરી નથી

**કસરત કરવાના ફાયદાઓ :**

- હૃદયરોગ અથવા સ્ટ્રોકથી મૃત્યુ પામવાના ખતરાને ઓછો કરી શકાય છે.
- હૃદયરોગ, સ્ટ્રોક, હાઈ બ્લડપ્રેશર, કોલોન કેન્સર અને ડાયાબિટીસના ખતરાને ઘટાડી શકાય છે.
- હાઈ બ્લડપ્રેશરને નીચું લાવી શકાય છે.
- મોટી ઉંમરના લોકોને પડવા-આખડવાથી અને હાડકાં ભાંગી જવામાંથી રક્ષણ મળે છે.
- અમુક પ્રકારના કેન્સરમાં (જેવા કે સ્તનનું કેન્સર) રક્ષણ મળે છે.

નિયમિત શારીરિક શ્રમ કરવાથી કોઈપણ વ્યક્તિને તંદુરસ્ત હોવાની લાગણી ઉત્પન્ન થાય છે, કારણ કે :

- ચિંતા અને હતાશાની લાગણીને ઓછી કરે છે અને 'મૂડ' સારો બનાવે છે.
- તાણને પહોંચી વળવામાં મદદરૂપ થાય છે.
- વજનને કાબુમાં રાખવામાં મદદરૂપ થાય છે.
- સાંધાના સોજાઓને અને આર્થ્રાઈટીસના દર્દને કાબુમાં રાખવામાં મદદ કરે છે.
- ઉત્સાહ અને શક્તિની લાગણી વધે તેમાં મદદરૂપ થાય છે.
- સારી ઊંઘ લાવવામાં મદદરૂપ થાય છે.
- જાત પ્રત્યેનો અહંભાવ વધુ સારો થાય છે.

વ્યક્તિએ અઠવાડિયાના ત્રણથી પાંચ દિવસ, ૩૦ થી ૪૫ મિનિટ સુધી સામાન્ય કસરત અથવા શારીરિક શ્રમ કરવાનું શરૂ કરવું જોઈએ, અથવા અઠવાડિયાના બધા જ દિવસોએ સામાન્ય હળવી કસરત શરૂ કરવી જોઈએ. એરોબિક કસરતો જેવી કે જોગિંગ, સાયકલિંગ, ટ્રેડમીલ ઉપર ચાલવું અને સ્વિમિંગ એ મેદસ્વિતાથી પીડાતા દર્દીઓને મદદરૂપ થાય છે. જોકે એરોબિક કસરતો શરૂ કરતાં પહેલાં ૧૦ મિનિટ 'વોર્મ અપ' માટે અને પૂરી થાય એટલે ૧૦ મિનિટ 'કુલ ડાઉન' માટે રાખવી અનિવાર્ય છે.



ફાર્માકો થેરાપી : મેદસ્વીપણા માટે માર્કેટમાં ઘણી બધી દવાઓ આવેલી છે પણ તે દવાઓની આડ અસરોના કારણે દરેક દર્દી માટે તે વાપરવી હિતાવહ નથી. જીવનશૈલી બદલવાથી થતો ફાયદો કોઇપણ શંકા વગર સાબિત થયેલો છે તેથી આપના સૌ માટે જીવનશૈલી બદલવા સિવાય બીજો કોઇ પર્યાય નથી.

CIMS® Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-4 | Issue-43 | February 25, 2014

CIMS

# સીમ્સ હોસ્પિટલ રજુ કરે છે ECMO


પ્રથમ વખત ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં

## ECMO ECLS (Extracorporeal Membrane Oxygenation - Extracorporeal Life Support System)



**ECMO નીચેના દર્દીઓ માટે એક આશાનું કિરણ છે:**

- મલ્ટી ઓર્ગન ફેલ્યોર
- ARDS અને ફેફસાની નબળાઈ
- હૃદયની જન્મજાત અને જટિલ બીમારી
- નવજાત શિશુમાં શ્વાસને લગતી ગંભીર બીમારી (I.E. PPHN, MAS)
- હૃદયની અને અન્ય કેટલીક જટીલ સર્જરી બાદ



## ECMO સિસ્ટમ દ્વારા વિશ્વમાં ઘણીબધી જિંદગી બચાવવામાં આવી છે.

### ભારતમાં સૌથી વિશાળ ECMO ટીમમાંની એક

| | |
|---|---|
| **ECMO ચીફ કો-ઓર્ડિનેટર્સ** | |
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪ |
| **ECMO ક્રીટીકલ કેર / રેસ્પીરેટરી ટીમ** | |
| ડૉ. વિપુલ ઠક્કર | +૯૧-૯૮૨૫૪ ૮૮૨૨૦ |
| ડૉ. ભાગ્યેશ શાહ | +૯૧-૯૦૯૯૦ ૬૮૯૩૮ |
| ડૉ. હર્ષલ ઠાકર | +૯૧-૯૯૦૯૯ ૧૯૯૬૩ |
| ડૉ. ધને શ્રી અત્રે સિંઘ | +૯૧-૮૨૩૮૦ ૦૧૯૭૭ |
| ડૉ. અમિત એચ. પટેલ | +૯૧-૯૮૨૪૩ ૧૦૧૫૦ |
| ડૉ. નિતેશ કે. શાહ | +૯૧-૯૮૨૫૦ ૨૭૪૮૭ |
| **ECMO નીઓનેટોલોજી અને પીડિયાટ્રીક કાર્ડિયાક ટીમ** | |
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ |
| ડૉ. શૌનક શાહ | +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨ |
| ડૉ. અમિત ચિત્તલીયા | +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |
| **ECMO કાર્ડિયાક ટીમ** | |
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ |
| ડૉ. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪ |
| ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. અનિશ ચંદારાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. પ્રશાંત પવાર | +૯૧-૭૫૬૭૧ ૨૪૫૩૪ |
| ડૉ. રોહન ભાગડે | +૯૧-૮૯૮૦૬ ૯૦૭૭૫ |
| **ECMO કાર્ડિયાક સર્જરી ટીમ** | |
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. સૌરભ જયસ્વાલ | +૯૧-૯૫૮૬૭ ૨૫૮૨૭ |
| **ECMO કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ ટીમ** | |
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ |
| ડૉ. દિપક દેસાઈ | +૯૧-૯૩૨૭૦ ૧૫૬૭૩ |
| **ECMO ટ્રોમા ટીમ** | |
| ડૉ. સંજય શાહ | +૯૧-૯૮૯૮૦ ૦૦૨૬૫ |
| **ECMO વાસ્ક્યુલર ટીમ** | |
| ડૉ. સૃજલ શાહ | +૯૧-૯૧૩૭૭ ૮૮૦૮૮ |
| **ECMO થોરાસીક ટીમ** | |
| ડૉ. પ્રણવ મોદી | +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦ |
| **ECMO ઇન્ફેક્શીયસ ડિસીસ ટીમ** | |
| ડૉ. સુરભી મદાન | +૯૧-૯૭૧૨૯ ૭૧૮૬૩ |
| **ECMO પરફ્યુસનીસ્ટ ટીમ** | |
| ઉલ્હાસ પડીયાર | +૯૧-૯૮૯૮૩ ૫૭૭૭૨ |
| ધન્યતા ધોલકીયા | +૯૧-૯૫૮૬૪ ૪૯૪૩૦ |
| **ECMO નર્સિંગ ટીમ** | |

www.cims.me/ecmo

## સીમ્સ રજુ કરે છે સીમ્સ એક્સપ્રેસ

### ઉત્તમ સેવાઓ માટે તે જ દિવસે એપોઇન્ટમેન્ટ

**શું તમારે આજે જ એપોઇન્ટમેન્ટ જોઇએ છે ?**

સીમ્સમાં, અમે ડોક્ટર* ની એ જ દિવસની એપોઇન્ટમેન્ટની ખાત્રી આપીએ છીએ જો તમે બપોરે ૧૨ વાગ્યા પહેલા ફોન કરો તો (સોમવાર થી શનિવાર) અથવા બીજા દિવસની સવારે

**+૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧**

- કાર્ડિયોલોજી
- કાર્ડિયાક સર્જરી
- ક્રિટીકલ કેર
- ગેસ્ટ્રીક/એબ્ડોમીનલ ડિસીઝ અને સર્જરી
- ઇન્ફેક્શીયસ અને એચઆઇવી બિમારી
- જોઇન્ટ રીપ્લેસમન્ટ સર્જરી
- ઓર્થોપેડીક્સ
- નીઓનેટોલોજી અને પીડિયાટ્રીક ડિસીઝ
- ન્યુરોસર્જરી
- પલ્મોનોલોજી
- સ્પાઇન સર્જરી
- થોરાસીક સર્જરી
- ટ્રોમા કેર
- વાસ્ક્યુલર સર્જરી
- પેઇન મેનેજમેન્ટ
- ડેન્ટીસ્ટ્રી

*જે તે સ્પેશ્યાલીટીની ટીમમાંથી હાજર હશે તે ડૉક્ટર એ દિવસે તપાસશે.

## ટુંક સમયમાં સીમ્સ કેન્સર સેન્ટર

### વિશ્વની અત્યાધુનિક રેડિયોથેરાપી વર્સા ટેક્નોલોજી સાથે

ડૉ. દેવાંગ ભાવસાર
(મો) +૯૧-૯૮૨૫૩ ૭૪૪૧૧
ડૉ. કિંજલ જાની
(મો) +૯૧-૯૮૨૫૫ ૭૬૫૩૩

Green Hospital
CIMS® Care Institute of Medical Sciences
At CIMS... we care
NABH NABL

એપોઇન્ટમેન્ટ માટે ફોન
(સવારે ૯ થી સાંજે ૫ સુધી)
રવિવાર સિવાય

+૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
ઇમેલ : opd.rec@cimshospital.org
info@cims.me

સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫(૫ નંબર) ફેક્સ: +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૦

Volume-4 | Issue-43 | February 25, 2014

CIMS®
Care Institute of Medical Sciences

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month

**If undelivered Please Return to**

**CIMS Hospital**

Nr. Shukan Mall, Off Science City Road,

Sola, Ahmedabad-380060.

Phone : +91-79-2771 2771-75 (5 lines)

Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription


# નિઃશુલ્ક સીપીઆર શીખો અને એક જિંદગી બચાવો (કાર્ડિયોપલ્મોનરી રેસસીટેશન/કાર્ડિયાક મસાજ)

- શું તમારી આજુ-બાજુ કોઈનું હૃદય એકાએક બંધ પડી ગયું છે?
- કોઈ બેહોશ થઈ ગયું છે?
- કોઈનો શ્વાસ રૂંધાઈ ગયો છે?





**સીમ્સ હોસ્પિટલ દર મહિનાના પહેલા રવિવારે ૨ કલાક માટે નિઃશુલ્ક સીપીઆરનાં કલાસનું આયોજન કરે છે.**

**સીપીઆર એટલે હૃદયની ગતિ બંધ પડી હોય એવા વ્યક્તિને આપવામાં આવતી તાત્કાલિક સારવાર પ્રક્રિયા કે જે કોઈપણ સામાન્ય વ્યક્તિ શીખી અને અપનાવી શકે છે?**

**સમયઃ સવારે ૧૦ થી ૧૨**
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
**(મો) ૯૧ ૯૦૯૯૦ ૬૬૫૨૮**

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... We Care

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક,
ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦
ઈ-મેઈલ: info@cims.me, વેબ: www.cims.me


Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.